<u>ફોજદારી કેસ નં.1496/1997</u>

**<u>આંક–૧ લગત હુકમઃ</u>**

૧) ફરિયાદીની ફરિયાદ તથા કેસનું રેકર્ડ વંચાણે લીધું. આ કેસમાં ફરિયાદીએ ખાનગી ફરિયાદ કરતાં, મારા પૂર્વગામી મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ–૩૬૩, ૩૬૫, ૩૪ મુજબના ગુન્હાના સમન્સ કાઢેલ હતાં.

૨) આ કેસમાં ફરિયાદી કે તેઓના વિ.વકીલશ્રી હાજર રહેતાં ન હોય, આ અદાલત દ્વારા આંક–૨ ની નોટીસ કાઢવામાં આવેલ હતી, જે નોટીસ ફરિયાદી દર્શાવેલ સરનામે રહેતા નથી તેવા શેરા સાથે પરત આવેલ છે.

૩) આ કામે ફરિયાદી કે તેઓની તરફે કોઇ હાજર રહેતું ન હોય, ફરિયાદ પક્ષ દ્વારા પ્રિ–ચાર્જ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૫(૨) ની જોગવાઇને લક્ષમાં લેતાં, આ કામે જ્યારે ફરિયાદી ખુદ હાજર રહેતાં ન હોય તેમજ કોઇ પ્રી–ચાર્જ પુરાવો રજૂ કરવામાં આવેલ ન હોય અને કેસ જ્યારે સને–૧૯૯૭ નો હોય, ફરિયાદીની પોતાની ફરિયાદ આગળ ચલાવવામાં કોઇ રસ હોય તેવું જણાતું નથી. આથી, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**<u>:: હુકમ::</u>**

ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૫(૨) અન્વયે આરોપીઓને ભારતીય દંડ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૬૩, ૩૬૫, ૩૪ મુજબના ગુન્હામાંથી બિન–તહોમત મુક્ત કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૧૩મી માહે–મે સને–૨૦૨૩ ના રોજ યોજવામાં આવેલ લોકઅદાલત/ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૧૩/૦૫/૨૦૨૩

( કમલેશ એન.પ્રજાપતિ )
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
(કોડ જીજે–૦૦૮૮૬)